# સ્વેચ્છા કર



રાજા કૃષ્ણદેવરાયને એક લાંબું યુદ્ધ લડવું પડ્યું હતું. યુદ્ધને લીધે રાજ્યની તિજોરી ખાલી થઈ ગઈ હતી. ધનપ્રાપ્તિ માટે કયો ઉપાય કરવો તે માટે દરબારીઓની એક ખાસ બેઠક બોલાવી હતી. રાજાએ રાજ્યની નાણાકીય પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો.

મંત્રી મહોદયે "પ્રજા પર યુદ્ધ કર " નાંખવાની વાત કરી. હાજર દરબારીઓએ આ વાતની સંમતિ આપી. પણ તેનાલીરામ ચૂપ બેસી રહ્યો. તેનાલીરામને ચૂપ રહેલા જોઈ રાજાએ કારણ પૂછતાં રાજાને જણાવ્યું કે , "મહારાજ, પ્રજા આમ પણ યુદ્ધને લીધે દુ:ખી છે. યુદ્ધને લીધે ચીજવસ્તુઓના ભાવ આસમાને ગયા છે. પ્રજા બળવો કરશે."

સેનાપતિએ કહ્યું, "વિદ્રોહીઓને અમને કચડતાં આવડે છે. રાજ્ય પર સંકટ ઝઝૂમી રહ્યું છે. ને તમે ઉપદેશ આપો છો. જો એમ જ હોય તો કર નાખ્યા વગર નાણાં ઉધરાવી લાવો. " મંત્રી તેનાલીરામની વાતને અવરોધતાં કટાક્ષ સાથે જણાવે છે.

"મહારાજ, કર નાખ્યા વગર ધન મળી રહેશે " એમ કહેતાં તેનાલીરામ સભા છોડી ચાલી ગયાં હતાં. કોઈને કશી ખબર ના પડી કે ધન પ્રાપ્તિ કેવી રીતે થશે. રાજાએ સભા બરખાસ્ત કરી.

ત્રણ ચાર દિવસ થયા હશે. રાજા મહેલમાં મંત્રી સાથે વાતો કરતા બેઠા હતા. એટલામાં જ મહેલને દરવાજે માણસોનો જોર-શોરથી અવાજ કાને પડતો હતો. કુતૂહલવશ રાજા-મંત્રીએ મહેલની અટારીમાં આવી જોયું તો પ્રજાજનોનો મોટો સમૂહ ભેગો થયો હતો. દરેક વ્યક્તિના હાથામાં કંઈકને કંઈક પોટલીઓ હતી જેમાં ઘરેણાં હતાં.

અટારીમાં રાજા-મંત્રીને આવેલા જોઈ વ્યક્તિ સમૂહમાંથી કોઈ બોલ્યું , "મહારાજ ! તેનાલીરામે અમને જણાવ્યું છે કે રાજ્ય પર સંકટ છે. નાણાંની સખત જરૂર છે. રાજા પ્રજાજનોની સહાય ઈચ્છે છે. મહારાજ અમે લોહીનું એક એક બુંદ આપવા તૈયાર છીએ. અને આ રહ્યાં નાણાં-ઘરેણાં.

રાજા કૃષ્ણદેવરાય, તેનાલીરામનો જાદુ સમજી ગયા. યુદ્ધ કર નાંખીને જેટલું નાણું એકઠું ના કરી શકાયું હોત તેટલું નાણું તિજોરીમાં જમા થયું હતું.

પ્રજાએ સ્વેચ્છાએ જરૂર હતી તેનાં કરતાં બમણું નાણું જમા કર્યું હતું.

વાર્તા: જાદુઈ વાંસળી
લેખક: રશીદ મુનશી